અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
**ટેલીફોન:૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭**

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૪૩૦૦૦૦૩૩**
**તા.૧૬–૦૪–૨૪**

અરજદાર : શોએબ કોલસાવાલા

સામાવાળા : અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**ફરીયાદની હકીકત :–**

વિષય :– આઈ.ડી.નં.૩૧૩૯ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૩૧૩૯, તા.૦૪–૦૩–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૮૪૬૬) જે અત્રેના ખાતાને તા.૦૫–૦૩–૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં.૭ વિગેરેની નહિ મળેલ માહિતી વિના મુલ્યે આપવ બાબતે કરેલ અપીલ બાબત.

**અપીલના મુદ્દા :–**

અરજદારે અપીલમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૩૧૩૯ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૩૧૩૯, તા.૦૪–૦૩–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૮૪૬૬) જે અત્રેના ખાતાને તા.૦૫–૦૩–૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં.૭ વિગેરેની નહિ મળેલ માહિતી વિના મુલ્યે આપવાનું જણાવી તા.૧૬–૦૪–૨૦૨૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી અત્રેના અપીલ રજીસ્ટરે ક્રમ નં.(૧) અપીલ નં.૨૦૨૪૩૦૦૦૦૩૩/૨૦૨૪–૨૫ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રીને નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફે પૂર્તતા :–**

જાહેર માહિતી અધિકારી અને એકઝકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૩૧૩૯, તા.૦૪–૦૩–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૮૪૬૬) જે અત્રેના ખાતાને તા.૦૫–૦૩–૨૦૨૪ નાં રોજ મળેલ છે. કાયદા ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેનાં પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૧૪૧૬, તા.૧૬–૦૩–૨૦૨૪ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| મુદ્દા નં. | માંગેલ માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧ | અમારા ધ્વારા તા.૧૩/૦૩/૨૦૨૩ થી આજદિન સુધી ઉપરોકત બાબતે અરજી/ફરીયાદ કરેલ તેનો તમારા વિભાગમાં નોંધાયેલ ઈનવર્ડ નંબરની ક્રમવાર માહિતી આપવી. | (૧)ઈનવર્ડ લો.નં.૧૬૯૭, તા.૧૬/૦૩/૨૦૨૩<br>(૨)ઈનવર્ડ લો.નં.૨૮૩, તા.૧૫/૦૫/૨૦૨૩<br>(૩)ઈનવર્ડ લો.નં.૨૮૭, તા.૧૫/૦૫/૨૦૨૩<br>(૪)ઈનવર્ડ લો.નં.૩૬૬, તા.૨૨/૦૫/૨૦૨૩<br>(૫)ઈનવર્ડ લો.નં.૩૬૭, તા.૨૨/૦૫/૨૦૨૩<br>(૬)ઈનવર્ડ લો.નં.૬૨૯, તા.૧૨/૦૬/૨૦૨૩<br>(૭)ઈનવર્ડ લો.નં.૯૫૭, તા.૧૮/૦૮/૨૦૨૩<br>(૮)ઈનવર્ડ લો.નં.૧૧૫૫, તા.૨૨/૦૯/૨૦૨૩<br>(૯)ઈનવર્ડ લો.નં.૧૫૦૪, તા.૦૯/૧૧/૨૦૨૩<br>(૧૦)ઈનવર્ડ લો.નં.૨૦૨૪, તા.૨૯/૦૧/૨૦૨૪ |
| ૨ | અમારી તમામ અરજી/ફરીયાદ ઉપર તમારા તરફથી કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી અને નકલો આપવી. | આપની તમામ અરજી/ફરીયાદ અન્વયે અત્રેનાં વિભાગ ધ્વારા જે તે લાગત ઝોન/વિભાગને અરજી/ફરીયાદ તબદીલ કરવામાં આવેલ છે. |

**સુનાવણીની વિગતો :–**

અરજદારની અપીલ અરજી સંદર્ભે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૦૨–૦૫–૨૦૨૪ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર તારીખે લો ઓફિસરશ્રીની સુચના અન્વયે સુનાવણી મોકુફ રાખવામાં આવેલ. જેથી ફરીથી તા.૧૫–૦૫–૨૦૨૪ નાં રોજ હાજર રહેવા જણાવેલ. જેથી સદર તારીખે અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી સંદર્ભે આઈ.ડી.નં.૩૧૩૯, તા.૦૨/૦૩/૨૦૨૪ અન્વયે મુદ્દા નં.(૨), (૩), (૪) ની માહિતી મળેલ નથી. એ મુજબની રજુઆત કરેલ છે.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારની નમૂના–ક ની અરજીની વિગતોમાં માંગેલ માહિતીની પૂર્તતામાં જણાવ્યા મુજબ " કુલ–૧૦ ઈનવર્ડ નંબર તથા તારીખની માહિતી અરજદારને પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૧૪૧૬, તા.૧૬/૦૩/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પૂર્તતા) પાઠવવામાં આવેલ છે.

આમ, ઉપરોકત વિગતે અરજદારની નમૂના–ક ની અરજીમાં માંગ્યા મુજબની ઉપરની વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ પૂર્તતા સંદર્ભે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

અરજદારની અરજી અત્રે મળ્યા તા.૦૫/૦૩/૨૦૨૪ નાં અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી લાગત જાહેર માહિતી અધિકારી તરફથી નં./કાયદા ખાતુ/આર.ટી.આઈ./આ./૧૪૧૬, તા.૧૬/૦૩/૨૦૨૪ થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ છે તથા અરજદાર ધ્વારા મુદ્દા નં.(૨),(૩),(૪) બાબતે માહિતીની પૂર્તતા ન થયેલાની રજુઆત ધ્યાને લેતાં, મુદ્દા નં.(૨),(૩) અને (૪) બાબતે પુન : ચકાસણી કરી ઉપલબ્ધ માહિતી વિનામૂલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં, પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ હુકમથી નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, " કર્મયોગી ભવન " બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦એ, ગાંધીનગર–૩૮૨૦૧૦, ગુજરાતને કરી શકશો.
વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરવા તમો હકકદાર છો.

લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/૩૦૮
તા.૧૩/૦૬/૨૦૨૪

પ્રતિ,

(૧) અરજદાર શ્રી શોએબ કોલસાવાલા પ્રતિ...
(૨) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદા ખાતુ) પ્રતિ....જાણ તથા માહિતી વિનામૂલ્યે આપી અમલ કરાવવા માટે.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
**ટેલીફોનઃ૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭**

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૪૩૦૦૦૦૬૫**
**તા.૦૩–૦૫–૨૪**

અરજદાર : શોએબ કોલસાવાલા
સામાવાળા : અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**ફરીયાદની હકીકત :–**

વિષય :– આઈ.ડી.નં.૩૨૬૬ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૩૨૬૬, તા.૨૦–૦૩–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૮૬૫૧) જે અત્રેના ખાતાને તા.૨૧–૦૩–૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં.(૨), (૩) અને (૪) વિગેરેની નહિ મળેલ માહિતી વિના મુલ્યે આપવા બાબતે કરેલ અપીલ બાબત.

**અપીલના મુદ્દા :–**

અરજદારે અપીલમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૩૨૬૬ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૩૨૬૬, તા.૨૦–૦૩–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૮૬૫૧) જે અત્રેના ખાતાને તા.૨૧–૦૩–૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં.(૨), (૩) અને (૪) વિગેરેની નહિ મળેલ માહિતી વિના મુલ્યે આપવાનું જણાવી તા.૦૩–૦૫–૨૦૨૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી અત્રેના અપીલ રજીસ્ટરે ક્રમ નં.(૨) અપીલ નં.૨૦૨૪૩૦૦૦૦૬૫/૨૦૨૪–૨૫ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રીને નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફે પૂર્તતા :–**

જાહેર માહિતી અધિકારી અને એકઝકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આરટીઆઈ/આઉટ/૩૨૬૬, તા.૨૦–૦૩–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૫૮૬૫૧) જે અત્રેના ખાતાને તા.૨૧–૦૩–૨૦૨૪ નાં રોજ મળેલ છે. કાયદા ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેનાં પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૨૧, તા.૦૨–૦૪–૨૦૨૪ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| મુદ્દા નં. | માંગેલ માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧ | અમો ધ્વારા તા.૧૩/૦૩/૨૦૨૩ થી આજદિન સુધી કરેલ અરજી/ફરીયાદનો તમારા વિભાગમાં નોંધાયેલ ઈનવર્ડ નંબરની ક્રમવાર તારીખ અને ઈનવર્ડ નંબર સાથેની નકલો/માહિતી આપવી. | માંગવામાં આવેલ માહિતી અન્વયે એક કોપીનાં રૂા.૨/– લેખે કુલ ૧૦ કોપીનાં રૂા.૨૦/– ભર્યેથી નકલ આપવામાં આવશે. |
| ૨ | અમારી અરજી/ફરીયાદ અન્વયે આપના ડિપાર્ટમેન્ટ ધ્વારા લાગત વિભાગ સાથે કરેલ પત્ર–વ્યવહારની નકલો તેમજ આઉટવર્ડ નંબરની માહિતી આપવી. | |

**સુનાવણીની વિગતો :–**

અરજદારની અપીલ અરજી સંદર્ભે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૦૨–૦૫–૨૦૨૪ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ સદર તારીખે લો ઓફિસરશ્રીની સુચના અન્વયે સુનાવણી મોકુફ રાખવામાં આવેલ. જેથી ફરીથી તા.૧૫–૦૫–૨૦૨૪ નાં રોજ હાજર રહેવા જણાવેલ. જેથી સદર તારીખે અરજદારશ્રી ધ્વારા અપીલ અરજી સંદર્ભે આઈ.ડી.નં.૩૨૬૬, તા.૨૦/૦૩/૨૦૨૪ અન્વયે મુદ્દા નં.(૨), (૩), (૪), (૫) અને (૭) ની માહિતી મળેલ નથી. એ મુજબની રજુઆત કરેલ છે.

**અપીલ અધિકારીનું તારણ :–**

અરજદારની નમૂના–ક ની અરજીની વિગતોમાં માંગેલ માહિતીની પૂર્તતામાં જણાવ્યા મુજબ " માંગવામાં આવેલ માહિતી અન્વયે એક કોપીનાં રૂા.૨.૦૦ લેખે કુલ ૧૦ કોપીનાં કુલ રૂા.૨૦.૦૦ ભર્યેથી નકલ આપવામાં આવશે " મુજબનો અરજદારને પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૨૧, તા.૦૨/૦૪/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પૂર્તતા) પાઠવવામાં આવેલ છે. જે સબબ રસીદ નં.૩૦૦/૧૧૪, તા.૨૪/૦૪/૨૦૨૪, સેન્ટ્રલ ઝોન સિવિક સેન્ટર ખાતે

રૂ.૨૦.૦૦ જમા કરાવવામાં આવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.કાયદા ખાતુ/આરટીઆઈ/આ.નં./૧૦૧, તા.૨૫/૦૪/૨૦૨૪ થી અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ.

આમ, ઉપરોકત વિગતે અરજદારની નમૂના–ક ની અરજીમાં માંગ્યા મુજબની ઉપરની વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ પૂર્તતા સંદર્ભે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

અરજદારની અરજી અત્રે મળ્યા તા.૨૧/૦૩/૨૦૨૪ નાં અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી લાગત જાહેર માહિતી અધિકારી તરફથી નં./કાયદા ખાતુ/આર.ટી.આઈ./આ./૨૧, તા.૦૨/૦૪/૨૦૨૪ થી મુદ્દા નં.૧ અને ૨ બાબતે જવાબી પત્ર પાઠવવામાં આવેલ છે તથા અરજદાર ધ્વારા મુદ્દા નં.(૨),(૩),(૪),(૫) અને (૭) બાબતે માહિતીની પૂર્તતા ન થયેલાની રજુઆત ધ્યાને લેતાં, મુદ્દા નં.(૪) અને (૭) અત્રેના કાયદા વિભાગને લાગત નથી તથા મુદ્દા નં.(૨),(૩) અને (૫) બાબતે પુન : ચકાસણી કરી ઉપલબ્ધ માહિતી વિનામૂલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવેલ છે.

વધુમાં, પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ હુકમથી નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, " કર્મયોગી ભવન " બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦એ, ગાંધીનગર–૩૮૨૦૧૦, ગુજરાતને કરી શકશો.
વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરવા તમો હકકદાર છો.

લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/૩૦૭
તા.૧૩/૦૬/૨૦૨૪

પ્રતિ,

(૧) અરજદાર શ્રી શોએબ કોલસાવાલા પ્રતિ...
(૨) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદા ખાતુ) પ્રતિ....જાણ તથા માહિતી વિનામૂલ્યે આપી અમલ કરાવવા માટે.

અપીલ અધિકારી અને
લો ઓફિસર
કાયદા ખાતુ
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા કચેરી,
મુગલસરાઈ, સુરત – ૩૯૫ ૦૦૩.
FAX : 91-0261 2451935
ટેલીફોન:૨૪૨૩૭૫૧–૫૬/૨૪૨ ૨૨૮૫–૮૭

**પ્રથમ અપીલ અરજી નં.૨૦૨૪૩૦૦૦૩૬૫**
**તા.૦૬–૦૯–૨૦૨૪**

અરજદાર : ફરીદ અબ્દુલ ગફુર શેખ

સામાવાળા : અપીલ અધિકારી અને લો ઓફિસરશ્રી (કાયદાખાતુ)

**ફરીયાદની હકીકત :–**

વિષય :– આઈ.ડી.નં.૧૧૧૯ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા,મુગલીસરાના પત્ર નં.સીસીસી./આર.ટી.આઈ/આ./૧૧૧૯, તા.૧૨–૦૮–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.૩૦૦/૬૦૧૯૪) જે અત્રેના ખાતાને તા.૧૨–૦૮–૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે માહિતી પુરી પાડવામાં ન આવેલ હોવાનું જણાવી તા.૦૬–૦૯–૨૦૨૪ નાં સંદર્ભે કરેલ અપીલ બાબત.

**અપીલના મુદ્દા :–**

અરજદારે અપીલમાં આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ આઈ.ડી.નં.૧૧૧૯ જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી,નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી/આર.ટી.આઈ./આ./૧૧૧૯, તા.૧૨–૦૮–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૬૦૧૯૪) જે અત્રેના ખાતાને તા.૧૨–૦૮–૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે માહિતી પુરી પાડવામાં ન આવેલ હોવાનું જણાવી તા.૦૬–૦૯–૨૦૨૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી અત્રેના અપીલ રજીસ્ટરે ક્રમ નં.(૩) અપીલ નં.૨૦૨૪૩૦૦૦૩૬૫/૨૦૨૪–૨૫ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે આઈ.ડી.નં.૧૧૧૯, તા.૦૯–૦૮–૨૦૨૪ અન્વયે હાલના જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રીને નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**જાહેર માહિતી અધિકારી તરફે પૂર્તતા :–**

જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસી.શ્રી,નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા, સુરત મહાનગરપાલિકાના પત્ર નં. સીસીસી / આર.ટી.આઈ. /આ. / ૧૧૧૯, તા.૧૨–૦૮–૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી.નં.૩૦૦/૬૦૧૯૪) જે અત્રેના ખાતાને તા.૧૨–૦૮–૨૦૨૪ નાં રોજ મળેલ છે. કાયદા ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેનાં પત્ર નં.કાયદા ખાતુ/આ.નં./૫૭૮, તા.૦૩–૦૯–૨૦૨૪ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| માંગેલ માહિતીની વિગત | પૂર્તતા |
|---|---|
| વોર્ડ નં.૩, નોંધ નં.૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ૪૮૯ વાળી મિલ્કતોમાં તા.૧૭/૧૧/૨૧ નાં રોજ એસ.પી. દેસાઈ,ડે.મ્યુ.કમિશનરશ્રી, ઈ.ચા.ખાતાકીય તપાસ અધિકારી તથા સેકશન ઓફિસરશ્રી (આઈ) ના સહી શેરા કરેલ પત્ર જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૫, તા.૨૩/૧૧/૨૦૨૧ નાં રોજ પુરાવા બિડાણ સહિતની ફાઈલો લો ઓફિસર શ્રી મિત્તુલ પંડયાને મોકલી આપેલ. જે ફાઈલો ઉપર આખો તુમારની નકલોની સહી–સિકકાવાળી નકલો આપશો. | માંગેલ માહિતી અન્વયે જણાવવાનું કે, અત્રેના વિભાગ ધ્વારા તમો ધ્વારા માંગવામાં આવેલ આખો તુમાર લો.આ.નં.૬૫૭, તા.૨૬/૧૧/૨૦૨૧ નાં રોજથી પેનલ વકીલશ્રીની નિમણૂંક કરીને આસી.લો ઓફિસરશ્રી (સેન્ટ્રલ ઝોન) ને મોકલી આપવામાં આવેલ. જેની નોંધ લેશો. તેમજ તે અંગેની જાણ કરતો પત્રની એક નકલ ઈ.ચા.ખાતાકીય તપાસ અધિકારીશ્રીને પણ મોકલવામાં આવેલ છે. જેથી સદર બાબતે વધારાનો કોઈ તુમાર, નકલ કે માહિતી અત્રેના કાયદા ખાતામાં ઉપલબ્ધ નથી. જે આપશ્રીની જાણ સારૂ. |

**સુનાવણીની વિગતો :–**

અરજદારની અપીલ અરજી સંદર્ભે માંગવામાં આવેલ માહિતીની વિષય વસ્તુની સ્પષ્ટતા/રજુઆત અર્થે તા.૨૪–૦૯–૨૦૨૪ ના રોજ હાજર રહેવા જણાવેલ. સદર તારીખે અરજદાર અપીલની સુનાવણીમાં હાજર રહેલ અને જણાવેલ કે, આજરોજ અમો અરજદાર અપીલની સુનાવણીમાં સાંજે ૫.૦૦ કલાકે હાજર રહેલા. અપીલ અધિકારી હાજર છે. જા.મા.અધિકારી હાજર નથી. તેઓ બીમાર હોવાથી હાજર રહેલા ન હોવાથી અપીલના કામે જા.મા.અધિકારીની અપીલ અધિકારી સમક્ષ હાજર રહી અપીલ અંગે કામ ચલાવવા માટે અપીલ અધિકારીએ તા.૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ ૫.૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ છે. જેથી સદર અપીલ અરજી અન્વયે બીજી સુનાવણી તા.૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ રાખવામાં આવેલ. જે સબબ તા.૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ સુનાવણી વિગતે અરજદાર તેમજ જા.મા.અધિકારી અને અપીલ અધિકારી હાજર હોય અરજદાર ધ્વારા લેખિતમાં રજુઆત કરવામાં આવેલ છે.

(૧) વોર્ડ નં.૩, નોંધ નં.૪૮૫, ૪૮૬, ૪૮૭, ૪૮૮ તથા ૪૮૯ વાળી મિલ્કતો અંગે તા.૧૭/૧૧/૨૦૨૧ નાં રોજ એસ.પી. દેસાઈ, ડે.મ્યુ.કમિશનરશ્રી, ઈ.ચા.ખાતાકીય તપાસ અધિકારી અને સેકશન ઓફિસર (આઈ) ના સહી શેરા કરેલ પત્ર જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૫, તા.૨૩/૧૧/૨૦૨૧ નાં રોજ પુરાવા બિડાણ સહિતની ફાઈલો લો ઓફિસર મિત્તુલ પંડયાને મોકલી આપેલ ઉપર આખો તુમારની નકલોની સહી–સિકકાવાળી નકલો જા.મા.અધિકારી અને આસી.લો ઓફિસર, મધ્યસ્થ કાયદા ખાતુ, સુરત મહાનગરપાલિકાએ આપેલ ન હોવાથી અમો અરજદારને આપ સાહેબ સમક્ષ પ્રથમ અપીલ કરવાની ફરજ પડેલ છે. માંગ્યા મુજબની માહિતી પુરી પાડવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવશોજી.

(૨) તા.૧૫/૧૧/૨૧, તા.૦૫/૦૪/૨૧ તથા તા.૨૬/૦૪/૨૧ ની અમો અરજદારના એડવોકેટ શ્રેયાંશ પંડયા તથા અવનીશ પંડયા મારફતે આપેલ નોટિસ સાથે પાના નંગ ૧ થી ૬૫ તથા કરેલ રીપોર્ટ મંજૂરી સહિતનો આખો તુમાર અમો અરજદારને આર.ટી.આઈ.અરજી માંગેલ જે જાહેર માહિતી અધિકારીએ અમોને આપેલ નથી. જે માહિતી માંગ્યા મુજબની અમો અરજદારને પુરી પાડવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવશોજી.

**અપીલ અધિકારીનું તારણ :–**

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ અપીલના કામે અરજદાર ધ્વારા કરવામાં આવેલ લેખિત રજુઆત જણાવેલ કે, " તા.૧૭/૧૧/૨૦૨૧ નાં રોજ ડે.કમિશનર શ્રી સ્વાતી દેસાઈ ખાતાકીય તપાસ અધિકારી અને સેકશન ઓફિસર (આઈ) શેરા કરેલ પત્ર જાવક નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૫, તા.૨૩/૧૧/૨૦૨૧ નાં રોજ પુરાવા બિડાણ સહિતની ફાઈલો લો ઓફિસર મિત્તુલ પંડયાને મોકલી આપેલ " સદર બાબતે જીએડી/ઈએસટી/આઈ/૬૨૫ નો રીપોર્ટ વંચાણે લેતાં એડવોકેટ શ્રી અવનીશ બી. પંડયા તથા એડવોકેટ શ્રી શ્રેયાંશ એ. પંડયા ધ્વારા તા.૧૫/૧૧/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ અરજી (પાના નં.૧ થી ૬૫) લો ઓફિસર સમક્ષ આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા કરેલ પૂર્તતા મુજબ " અત્રેના વિભાગ ધ્વારા તમો ધ્વારા માંગવામાં આવેલ આખો તુમાર લો.આ.નં.૬૫૭, તા.૨૬/૧૧/૨૦૨૧ નાં રોજથી પેનલ વકીલશ્રીની નિમણૂંક કરી આસી.લો ઓફિસર (સેન્ટ્રલ ઝોન) ને મોકલી આપવામાં આવેલ છે " સબબ અત્રેના કાયદા વિભાગ ધ્વારા જુદા–જુદા ઝોન/ખાતા તરફથી પેનલ એડવોકેટની નિમણૂંક માટે આવતી ફાઈલ તથા અન્ય પેપર્સો અત્રેથી નિમણૂંક કરી જે તે લાગત ઝોન / ખાતાને ફાઈલ તથા તમામ પેપર્સ પરત કરવામાં આવે છે. અત્રે એની કોઈ નકલ કે ફાઈલ રાખવામાં આવતી નથી. જે વિગતો ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ :–**

અરજદારની અરજીની માહિતી પરત્વે જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પૂર્તતા યોગ્ય જણાતી હોય અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

વધુમાં, પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ હુકમથી નારાજ કે અસંતુષ્ટ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશનર, ગુજરાત માહિતી આયોગ, " કર્મયોગી ભવન " બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦એ, ગાંધીનગર–૩૮૨૦૧૦, ગુજરાતને કરી શકશો.
વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર ઓનલાઈન બીજી અપીલ કરવા તમો હકકદાર છો.

લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/૬૭૮
તા.૦૭/૧૦/૨૦૨૪

પ્રતિ,

(૧) અરજદાર શ્રી ફરીદ અબ્દુલ ગફુર શેખ પ્રતિ...
(૨) જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી (કાયદા ખાતુ) પ્રતિ, જાણ સારૂ.